# ક્રોધનું પાખંડ



તમે પસ્તાવો કરીને કહો છો; ભલે મને ગુસ્સો આવ્યો તો પણ હું ખરાબ વ્યક્તિ નથી, મને પસ્તાવો છે. માફી માંગો છો કે મને માફ કરી દો. આ રીતે, તમે કહી રહ્યા છો કે મારા સિંહાસન પરથી જે અહંકાર પડી ગયો, તેને પાછો પ્રતિષ્ઠિત થઈ જવા દો.

ગુસ્સો આવ્યો, ક્રોધ થયો ત્યારે તમારી અંદર કઈ ઘટના ઘટી, તેનું થોડું વિશ્લેષણ કરો. તમે હંમેશાં માનતા આવ્યા છો કે તમે ક્રોધી વ્યક્તિ નથી. તમે ખૂબ જ સજ્જન, સરળ મનની વ્યક્તિ છો. ક્યારેય ગુસ્સો પણ કરો છો તો તે બીજાના ભલા માટે કરો છો. જો તમારે ગુસ્સો પણ કરવો પડે છે તો તે એટલા માટે છે કારણ કે તમારે લોકોને સુધારવા છે. તમે એમ જ ગુસ્સો નથી કરતા. પ્રસંગોપાત જ્યારે જરૂર પડે ત્યારે, દવાની રીતે તમે લોકો ઉપર ગુસ્સો વ્યક્ત કરો છો, નહિંતર તમે કોધી નથી, ગુસ્સો તમારો સ્વભાવ નથી. તે તો સંજોગોવસાત થાય છે. તમે કરવા નથી ઈચ્છતાં તો પણ તે થઈ જાય છે. કારણ કે જો તમે નહીં કરશો તો દુનિયા કેવી રીતે ચાલશે? બાળક કોઈ ભૂલ કરી આવ્યો છે તો નારાજગી બતાવવી પડશે. નોકરે કોઈ ભૂલ કરી છે અને તમે ગુસ્સે ન થાવ તો તમારા બધા કામ-ધંધા અટકી જશે. દુનિયાને કાર્યરત કરવા માટે ગુસ્સે થાઓ છો, તમે ક્રોધી નથી તે તમારી માન્યતા છે. આવી રીતે તમે પોતાની છબી બનાવી છે.

ફરી પાછા તમે ગુસ્સામાં તમારી જાતને મૂકો છો. તમે ક્રોધની અગ્નિની ચરમસીમાએ હતા, અંદર આગ ભભૂકી ઊઠી હતી અને આ પરિસ્થિતિમાં તમે કંઈક ખોટું કરી નાંખ્યું, કંઈક તોડી નાંખ્યું અથવા કોઈને જરૂરતથી વધારે વેદના આપી દીધી, અનુપાતથી વધુ વેદના આપી દીધી, તેનો એટલો વાંક પણ નહોતો, હવે તમારી છબી ખંડિત થાય છે. તમારો અહંકાર તરફડિયા મારે છે. હવે તમે દુનિયાને કહી શકતા નથી કે તમે ક્રોધી નથી. હવે તમે તમારી જાતને જાતે જાણી લીધી. હવે તમે કયા મોંથી કહેશો કે કયું મોં બતાવશો? હવે તમે પસ્તાવો કરો છો. આ પસ્તાવો છબીને ફરીથી રંગ-રોગાન કરવાની તરકીબ છે. પસ્તાવો કરીને, તમે કહો છો, જુઓ મને ગુસ્સો આવ્યો તો પણ હું ખરાબ વ્યક્તિ નથી. પસ્તાઓ છો, માફી માંગો છો કે માફ કરી દો ફરીથી સિંહાસન પરથી જે અહંકાર પડી ગયો છે તેને પાછો પ્રતિષ્ઠિત કરો છો.

**ઓશો વાણી**

માફી માંગીને, પસ્તાવો કરીને, દુઃખી થઈને, મંદિરમાં જઈને પૂજા-પ્રાર્થના કરીને, ઉપવાસ કરીને તમે ફરીથી વિરાજમાન થઇ જાઓ છો. ફરીથી તમે કહો છો હું ભલો માણસ, ધાર્મિક, સંત થઈ ગયો છું. હવે તમે પાછા તૈયાર થઈ ગયા છો જયાં તમે ક્રોધ પહેલાં હતા. હવે તમે ફરીથી ગુસ્સે થશો. હવે તમે ફરી એ જ જગ્યાએ આવી ગયા જયાંથી ક્રોધ ઉદભવ્યો હતો. તમારો પ્રશ્નાત્તાપ પોતાને બચાવવાની એક તરકીબ છે. તમારું દુઃખ, તમારી ક્ષમાયાચના વાસ્તવિક નથી તે તમારા અહંકારનું આભૂષણ છે. એટલેજ તો એ કામ લાગતું નથી. હજાર વાર પ્રયાસ કરો છો અને બધું વ્યર્થ થઈ જાય છે. જયારે ક્રોધ આવે ત્યારે પોતાના મનના દ્વાર- દરવાજા બંધ કરી લો. આ એક ધ્યાનની કિંમતી ક્ષણ છે. જ્યારે પણ ગુસ્સો આવે ત્યારે તેને સર્વજ્ઞતામાં જુઓ, અન્યને નિમિત્ત ન બનાવો કારણ કે કોધનો બીજા સાથે કોઈ સંબંધ નથી. અન્ય તેનો નિમિત્ત હોઈ શકે છે પણ કારણ નહીં, તે ખૂંટી હોય શકે છે તેના પર લટકાવેલું વસ્ત્ર નહીં હોઇ શકે. તમારું વસ્ત્ર તમારે જાતે જ લટકાવવું પડશે. હોય શકે બીજાએ અવસર આપ્યો પરંતુ અવસરમાં જે પ્રગટ થાય છે તે તમારું જ અંતઃસ્તર છે. એવું સમજો કે કોઈ સૂકા કૂવામાં ડોલ નાંખે છે અને તે ખખડાટ કરીને પાણી વિના પાછી આવે છે. કૂવો સૂકો છે પાણી આવશે ક્યાંથી, ડોલ થોડી પાણી લાવશે, કોઈએ તમને ગાળ આપી. જો તમારી અંદર ક્રોધનો કૂવો સૂકો છે તો ગાળ ખખડીને પાછી આવી જશે તે ક્રોધ ઉત્પન્ન કરી શકશે નહીં. ગાળ આપવાવાળો પસ્તાશે, હેરાન થશે અને વિચારશે, ચકિત થશે, વિશ્વાસ કરી શકશે નહીં. તમે એને પણ એક તક આપશો પુનર્વિચાર કરવાની. આ જ સમયે ફરીથી પોતાની સ્થિતિ પર ધ્યાન કરો કે તમારી અંદર શું થયું. તમે જેવા છો તેવા જ રહેશો, હા, જો ડોલ અંદર જાય અને પાણી ભરેલું હોય તો પાણી તમારું છે, ડોલ કોઇ બીજાની છે આ વાત ખાસ ધ્યાન રાખવા જેવી છે. જે ક્રોધ કરે છે તેણે ધ્યાનથી જોવું જોઈએ કે કારણ મારી અંદર છે. બીજો ફક્ત નિમિત્ત માત્ર છે. એણે એ પણ જોવું જોઈએ કે આ નિમિત્ત ન મળતે તો શું હું ક્રોધ કરતે કે ન કરતે? તમે ચકિત થશો કે આ વ્યકતિ આજે ન મળતે તો કોઈ બીજા ઉપર તમે કરતે, ક્રોધ તો તમારે કરવો જ પડતે. આ તો એક નિકાસ હતો તમે કોઈ ને કોઈ બહાનું શોધી લેશો.

> જયારે ક્રોધ આવે ત્યારે પોતાના મનનાં દ્વાર દરવાજા બંધ કરી લો. આ એક ધ્યાનની કિંમતી ક્ષણ છે

મનોવૈજ્ઞાનિકોએ ઘણા પ્રયોગો કર્યા છે જેમાં વ્યક્તિને વીસ દિવસ માટે એકાંતમાં રાખવામાં આવે છે, બધી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે, ભોજન જોઈએ તો તે મળી જશે, સ્નાન કરવું હોય તો તે થઈ જશે, પલંગમાં સૂવા જવું છે તો તે થઈ જશે, કોઈ તકલીફ નહીં હોય પરંતુ તે વીસ દિવસ દરમ્યાનમાં મસ્તિષ્કમાં તાર જોડવામાં આવશે, જે માહિતી આપશે કે વ્યક્તિ ક્યારે ગુસ્સે થઇ રહી છે અને ક્યારે નથી થઈ રહી, હવે ક્રોધ આવે છે પણ કારણ તો કોઇ નથી, કોઇ કંઇ બગાડતું પણ નથી, કોઈ આજુબાજુ નથી તો પણ ક્રોધની ક્ષણ આવી જાય છે. તમે ઉતપ્ત થઈ જાઓ છો, અંદર અગ્નિ પ્રજવલે છે, ક્રોધની પ્રચંડ આકાંક્ષા ઉદભવે છે એટલે જ કહું છું બહાનાંઓને કારણ ન બનાવો. પોતાની અંદર જુઓ વિશ્લેષણ કરો, ઊંડા ઊતરો અને ક્રોધ આવે ત્યારે તેને ધ્યાનથી જુઓ, ક્રોધ ચાલ્યો જાય પછી તેમાં ઊતરવાનો, તેને જોવાનો કોઇ સાર નથી, આગ ઓલવાય ગયા પછી રાખને ફંફોળવાથી કાંઈ થવાનું નથી.

(ઓશોઃ એસ ધમ્મો સનંતનો પુસ્તકમાંથી, સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.)

# ધાર્મિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક તથ્ય ધરાવતું ધર્મ પર્વ ‘રંગોત્સવ’



સનાતનીઓના સૌને પ્રિય એવા કેટલાક તહેવારોમાંનો એક હોળી -ધૂળેટીનો રંગોત્સવ આવતીકાલે મંગળવારે અને બુધવારે ઉજવાશે. આ વખતે હોળીના આ ઉત્સવ માટે કન્ફ્યુઝન હતું જ કે આ તહેવારોને મનાવવો ક્યારે સોમવારે કે મંગળવારે? ચંદ્ર પર આધારિત આપણા પંચાગ તથા પંડિતો અને જ્યોતિષોની ગણતરી મુજબ હોળી મંગળવારે તા. 3-3-26ના રોજ સાંજે 6.22 કલાકથી 8.50 સુધીમાં પ્રગટાવી શકાશે. સોમવારે એટલે કે આજે ભદ્રાકાલ છે. ‘ભાદ્રયમ દ્વેન કર્તવ્ય શ્રાવણે ફાલ્ગુની તથા’’ મતલબ કે ભદ્રાકાળમાં શ્રાવણની રક્ષાબંધન અને ફાગણની હોળી જેવા તહેવાર ઉજવી ના શકાય. ઉગ્ર સ્વભાવની ભદ્રા એ સૂયદેવ અને છાયાની પુત્રી તેમજ શનિદેવની બહેન છે. તેનો મુખકાલ અત્યંત અશુભ ગણાય છે. તેથી આજે સોમવારે બપોરે 4.40 કલાકથી પ્રારંભતા ભદ્રાકાળમાં કોઈપણ શુભ ગણાતું કાર્ય કરવું નહીં. આ ભદ્રાકાળ આવતી કાલ મંગળવારે વહેલી સવારે 5.32 સુધીનો હશે. જો કે મંગળવારે બપોરે ખગ્રાસ ચંદ્રગ્રહણ છે જે ભારત સહિત એશિયાના ઘણા બધા દેશમાં દેખાશે. હોળીની પુનમે આવતા આ ચંદ્રગ્રહણનો વિશેષ યોગ છે. જે 100 પછી બનવા જઇ રહ્યો છે. સાંજે પ્રગટાવેલી હોળીના દર્શન સાથે દાન-પુણ્યનો આ વિશેષ અવસર ગણાય છે. ચંદ્રગ્રહણનો સમય મંગળવારે 3.21 બપોરથી પ્રારંભ થશે જે સાંજે 6.46 કલાકે પૂર્ણ થશે.

હોળી-ધૂળેટી એ પૌરાણિક પારંપારિક સૌ- કોઈને ગમતીલો તહેવાર છે. પૌરાણિક કથા -માન્યતા મુજબના આ ધાર્મિક, આધ્યત્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિ આધારિત હોળી-ધૂળેટીની ઉજવણીમાં સ્વાભાવિક જ જુદા-જુદા રાજ્યો પ્રમાણે થોડી વિભિન્નતા હોય શકે છે, પણ તહેવારની ઉજવણી ભારતભરમાં ધામધૂમથી થાય છે. જાણીતી પ્રહલાદ, હિરણ્યકશ્યપ અને હોલિકાની કથા એ ધાર્મિક મુખ્ય તથ્ય છે. ‘રામાયણ’માં રામ-સીતા રંગોત્સવ ઉજવતા હોવાનો ઉલ્લેખ છે. વૈદિકકાળમાં પણ રાજા-મહારાજાઓ તેમના મહેલોના વિશાળ પરિસરમાં હોળી પ્રગટાવતા અને પ્રજાજનો સાથે રંગોત્સવને માણતા હોવાનું ધર્મસાહિત્યોમાં ઉલ્લેખ છે તો ‘તાણ્ડ્ય મહાબ્રાહ્મણ’ ગ્રંથમાં હોળીના મંત્રો સાથે ઋષિમૂનિઓ પણ ગુરુકુળોમાં શિષ્ય સાથે ‘હુતાશની અનુષ્ઠાન કરતા હોવાનો ઉલ્લેખ છે. ભવિષ્યપુરાણ અને વિષ્ણુપુરાણમાં પ્રહલાદ અને હોલિકાની કથાઓનો સવિસ્તાર ઉલ્લેખ છે. વૃંદાવન, ગોકુળ-મથુરામાં તો ફાગણ સુદ અગિયારસથી પૂનમ સુધીનો પાંચ દિવસનો રંગોત્સવ માણે છે. ત્યાં કૃષ્ણ-રાધા અને ગોપીઓ વચ્ચે ઉજવાતા આ તહેવારને યાદ કરી ખૂબ ઉત્સાહપૂર્વક રંગોત્સવ ઉજવાય છે અને આ અદ્વિતિય -અદભુત મહોત્સવને નિરખવા છેક વિદેશનથી લોકો અહીં આવે છે. ભાગવત પુરાણમાં કૃષ્ણનું રાધા અને ગોપીઓ સાથે હોળી રમવાની ખૂબ રસપ્રદ અને શૃંગારક વર્ણનો જોવા મળે છે. ઋગવેદમાં બ્રહ્માંડિય સંતુલન સ્થાપિત કરનારો આ મહોત્સવ દર્શાવાયો છે તો યજુર્વેદમાં હુતાશનીના અગ્નિ અનુષ્ઠાનની મહત્તા દર્શાવાઈ છે.

શિવપુરાણની કથા અનુસાર શિવ-પાર્વતીના લગ્ન પછી વારાણસીના રોકાણ દરમ્યાન સ્મશાનની રાખથી રંગોત્સવ મનાવાયેલ જે પરંપરા મુજબ આજે પણ કાશીના મણિકર્ણિકા ઘાટ પર સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ સ્મશાનની રાખ વડે હોળીના રંગોત્સવને માણે છે. શિવજીના ત્રીજા નેત્ર વડે કામદેવ ભસ્મીભૂત આજના દિવસે થયેલ તેથી નવયુગલો કામદેવની પણ પૂજા કરે છે. જો કે આવી કોઇ પરંપરા ગુજરાતમાં ખાસ પ્રચલિત નથી. આપણે ત્યાં હોળીના બીજે દિવસે ધૂળેટીના પર્વ પર રંગોથી રમવાની પરંપરા છે. બજારમાં ઠલવાતા ટનબંધ રાસાયણિક રંગોથી રમવું એ સાહજિક થઇ ગયું છે, પણ પ્રાકૃતિક રંગોથી હોળી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. ગુલાલ, હળદર, ચંદન, લીમડો, જાસૂદ અને કેસૂડાના ફૂલોના રંગોનું આયુર્વેદિક મહત્ત્વ પણ ઘણું છે. નુકશાનકારક તો જરા પણ નથી, ઉલ્ટાનું ત્વચા માટે ફાયદાકારક છે. જો કે પ્રાકૃતિક રંગો મોંઘા હોવા સાથે મળવા સરળ નથી હોતા. તેથી બજારમાં મળતા રાસાયણિક રંગોનું ચલણ સહજ બની ગયું છે.

> શિવપુરાણની કથા અનુસાર શિવ-પાર્વતીના લગ્ન પછી વારાણસીના રોકાણ દરમ્યાન સ્મશાનની રાખથી રંગોત્સવ મનાવાયેલ જે પરંપરા મુજબ આજે પણ કાશીના મણિકર્ણિકા ઘાટ પર સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ સ્મશાનની રાખ વડે હોળીના રંગોત્સવને માણે છે

હોળી એ હોલિકા જેવા નકારાત્મક અંધકારનો નાશ કરી સાત્ત્વિક ઉજાસને ફેલાવનાર પ્રતીક છે. એક સાથે લાખો જગ્યાએ પ્રગટતી હોળીમાં હોમવામાં આવતા પદાર્થોનો ધુમાડો દૂષિત બેકટેરિયાનો નાશ કરે છે અને વાતાવરણને શુદ્ધ કરે છે. ખાસ કરીને ગોબરનાં છાણાં કે ગોસ્ટીકથી પ્રગટાવેલી હોળી આ બાબતે વધુ અસરકારક હોય છે. જો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકો ગોબરનાં છાણાં કે ગોસ્ટીકનો હોળી માટે વધુ ઉપયોગ કરતા થયા છે. તમે પણ જો આ પ્રકારે વૈદિક હોળી માટે ઈચ્છા રાખતા હો તો સુરતના મનીષભાઇ ગાલાણી (9727917427) અને ભરતભાઇ ગાલાણી (9727717427) નો સંપર્ક કરશો તો યોગ્ય માર્ગદર્શન સાથે ગોબરનાં છાણાં અને ગોસ્ટીક માટેની માહિતી આપશે. જો કે આ બધું વધુ ગૌશાળાઓમાં જ ઉપલબ્ધ હોય છે એટલે એ પ્રકારે તમે ગૌશાળાઓને આર્થિક મદદ પણ કરી શકો છો.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

હોળી-ધૂળેટી આપણને સૌને ગમતીલું -રંગોનું પારિવારિક પર્વ છે. હોળી વિશે તો દરેક ભાષામાં એટલું વધુ ગદ્ય-પદ્ય સાહિત્ય રચાયું છે કે જેમાં આદિ કવિ વિદ્યાપતિ અને કાલિદાસથી લઈને ભક્તિકાલિન સુરદાસ, રહીમ, રસખાન, પદ્માકર, મીરાંબાઈ, કબીર જેવા સૌ કોઈ સંત કવિઓનો પ્રિય વિષય બની ગયો હતો. શાસ્ત્રીય સંગીતમાં ધ્રુપદ, ધમાર, નાની મોટી ઠુમરીમાં હોળીના ગીતા આનંદિત કરે તેવા હોય છે. તે બસંત-બહાર, હિંડોલ અને કાફીમાં રચાયેલી રચનાઓ સાંભળવી ગમે તેવી હોય છે. હિન્દી ફિલ્મ સંગીતમાં સૌ પ્રથમ 1950માં મધર ઈન્ડિયામાં ‘હોલી આઇ રે કન્હાઈ’ની લોકપ્રિયતા પછી તો અનેક ફિલ્મી ગીતો રચાયાં.

ધાર્મિક મહત્ત્વતા ધરાવતા આ રંગોત્સવ મંદિરોમાં ઠેર-ઠેર ઉજવાય છે. સંત કબીરના વિવિધ મંદિરમાં પણ હોળી મહોત્સવની ઉજવણી થતી હોય છે. સુરતના પણ રામપુરા રામબાગ ખાતે આવેલ 350 વર્ષ જૂની ગાદી ધરાવતા કબીરમંદિરમાં મહંત શ્રી તુલસીદાસજી અને જય મહંત પ્રતિવર્ષ ખૂબ ધામધૂમથી હજારો શ્રદ્ધાળુ સાથે ઉજવણી કરે છે. જો કે આ વખતે હોળી મહોત્સવ ત્યાં આજે સોમવારે ઉજવાશે. આખા દિવસના વિવિધ કાર્યક્રમો બાદ સાંજે 7.30 કલાકે હજારો ભક્તો મહાપ્રસાદનો લાભ લેશે તો વિશેષ ચોકા આરતી પાઠ રાત્રે 9.15 કલાકે યોજાશે. કબીર ભક્ત સમાજમાં ચૌકાઆરતીનું ખૂબ મહત્ત્વ રહેલું છે. આરતી બાદ રાત્રે 11.00 કલાકે લોકસાહિત્યના ડાયરામાં જાણીતા લોક સાહિત્યકારો વાદ્યવૃંદો સાથે જમાવટ કરશે તો ખૂબ જાણીતા હાસ્ય કલાકાર જીતુભાઇ દ્વારકાવાળા હાસ્યરસની રંગત જમાવશે. આજના આ ભક્તિ કાર્યક્રમમાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત મહેમાન હશે. સુરતનાં અનેક મંદિરોના સંત-મહંતોની વિશેષ ઉપસ્થિતિ દ્વારા શ્રદ્ધાળુઓને ધર્મલાભ મળશે.







|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૫૩

# બળરામ-સંકર્ષણ અને કૃષ્ણ-વાસુદેવ

ભવિષ્યમાં ઉત્પન્ન થતી વિપત્તિનું ઉત્તરદાયીત્વ નહિ લેવાની ગર્ગાચાર્યની રજૂઆતથી, નંદજીએ પણ કંસનો ડર રાખી નામકરણ સંસ્કાર ગુપ્ત રીતે કરવાનું સ્વીકાર્યું. સાથે જ તેઓ એવું પણ ઈચ્છતા હતા કે ગર્ગાચાર્ય જેવા મહાન ઋષિ આ સંસ્કાર સંપન્ન કરે કારણ કે આ સંસ્કાર એ એવી શુદ્ધિકરણ ક્રિયા છે કે જે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ વગેરેને જીવનમાં સુખ-શાંતિ-સન્માર્ગ વગેરે માટે યોગ્ય બનાવે છે. જેમ અહીં નામકરણ સંસ્કારનો ઉલ્લેખ છે તેમ અન્ય સંસ્કારો પણ શાસ્ત્રોમાં બતાવ્યા છે કે જે ગર્ભાધાનથી અંત્યેષ્ટિ સુધી કરવામાં આવે છે, જે વિદ્યા-ભાગ્ય વગેરે રૂપે ફળે છે. આ સંસ્કારોને યોગ્ય બ્રાહ્મણ દ્વારા કરાવવાથી સંતાન સુખી થાય છે. તેથી તેમણે ગાયોના વાડામાં એકાંતમાં સ્વસ્તિવાચનપૂર્વક (વૈદિક મંત્રોથી) બંને બાળકોનાં નામ પાડવાનું નક્કી કર્યું. ગર્ગાચાર્યને હવે પોતાનું ઈચ્છિત મળી ગયું અને બંને બાળકોનાં નામ પાડવાનું સ્વીકાર્યું.

તેઓ પહેલાં રોહિણીના પુત્રના નામ સંબધી બોલ્યા, “રોહિણીનો આ પુત્ર ખૂબ મોહક બનશે અને પોતાના ગુણો વડે સંબંધીઓને આનંદ પમાડશે, તેથી તે ‘રામ’ કહેવાશે. બળની અધિકતાથી ભવિષ્યમાં તે અદ્વિતીય બળવાન બનશે માટે લોકો આને ‘બળ’ કહેશે એટલે કે તે ‘બળરામ’ કહેવાશે. આ ઉપરાંત તે ભવિષ્યમાં કોઈક કારણથી વિવાદ કરી વિખૂટા પડેલા યાદવોને એકઠા કરશે તેથી ‘સંકર્ષણ’ કહેવાશે.” આ પ્રમાણે ગર્ગાચાર્યે રોહિણીના પુત્રનાં ત્રણ નામ પાડ્યાં. ‘બળરામ’, ‘સંકર્ષણ’ અને ‘બલદેવ’. આ સાથે જ એમણે ચતુરાઈ વાપરી એ વાત પણ પ્રગટ થવા નહિ દીધી કે બળરામ પણ દેવકીના ગર્ભમાં જ પ્રગટ થયા હતા અને ત્યાર બાદ રોહિણીના ગર્ભમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. હકીકતમાં શ્રીકૃષ્ણ અને બલરામ બંને સહોદર હતા અને મૂળ બંને દેવકીના પુત્ર હતા.

ત્યાર બાદ ગર્ગાચાર્ય બીજા પુત્ર (શ્રીકૃષ્ણ)ના નામ બાબત બોલ્યા, “દરેક યુગમાં શરીર ધારણ કરનાર તમારો આ પુત્ર યુગ યુગથી રંગ બદલતો આવ્યો છે. પહેલા સતયુગમાં શુક્લ (સફેદ), ત્રેતાયુગમાં રક્તવર્ણ (લાલ) અને પીળો એમ ત્રણ રંગ હતા પરંતુ આ અવતારમાં તેમણે શ્યામ (મેઘ) રંગ ધારણ કર્યો છે અને સર્વનું આકર્ષણ કરનારો છે તેથી ‘કૃષ્ણ’ કહેવાશે. આ પુત્ર કોઈક વખતે વસુદેવના પણ પુત્ર થયા હતા. તેથી એ વાત જાણનારાઓ તેને ‘વાસુદેવ’ કહેશે. વળી તમારા આ પુત્રના ગુણકર્મને અનુસરતા અનેક નામો તથા અનેક સ્વરૂપો છે કે જેને હું કે અન્ય કોઈ પણ જાણતું નથી. તમારા લાલાના નામ અનંત, ગુણો અનંત અને લીલા પણ અનંત હશે. આ પુત્ર તમારું કલ્યાણ કરશે. ગોકુળ, ગોકુળની ગાયો તેમ જ ગોવાળિયાઓને આનંદ ઉપજાવશે. આ પુત્ર વૃન્દાવનમાં અત્યંત લોકપ્રિય થશે અને તેના દ્વારા તમે સર્વ સંકટો સહેલાઈથી ઓળંગી જશો. પૂર્વે જ્યારે કોઈ રાજા ન હતા ત્યારે ચોરથી પીડાતા સજ્જનોની આ પુત્રે રક્ષા કરી હતી. જેનાથી તે સજ્જનો બળવાન બન્યા હતા અને ચોરોને જીત્યા હતા. મહાભાગ્યશાળી જે મનુષ્યો તમારા આ પુત્ર પર પ્રીતિ કરશે, તેઓનો શત્રુઓ પણ પરાજય કરી શકશે નહીં. વળી જેમ ભગવાન વિષ્ણુ હંમેશાં દેવતાઓની રક્ષા કરે છે અને તેમના પર પ્રીતિ રાખનારા દેવતાઓ કે મનુષ્યો વગેરે કોઈનો કોઈ પણ અસુરો પરાજય કરી શકતા નથી. તે જ રીતે તમારો આ પુત્ર ગુણો, શક્તિ, ઐશ્વર્ય, કીર્તિ અને પ્રભાવથી ‘નારાયણ’ સમાન છે, જેથી સાવધાન રહી તમે તેની રક્ષા કરો.” ગર્ગાચાર્યે આ સાથે જ નંદને એ સંકેત પણ આપ્યો કે જેમ તમે નારાયણના પરમ ભક્ત છો તેમ નારાયણે તમને તેમના જેવો પુત્ર આપ્યો છે.

યશોદાજી ગર્ગાચાર્યને પૂછે છે કે લાલાના જન્માક્ષરમાં ગ્રહો કેવા પડ્યા છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે, ‘‘લાલાનું જન્મ નક્ષત્ર રોહિણી છે. તેના જન્માક્ષર ખૂબ સારા છે. ત્રણ ગ્રહો ઉચ્ચ ક્ષેત્રમાં પડ્યા છે. મોટો રાજા થાય તેવા યોગ બને છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો સારા છે પરંતુ એક રાહુ ખરાબ છે પરંતુ તેમાં ગભરાવાનું કારણ નથી. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે જે વ્યક્તિના સપ્તમ સ્થાનમાં નીચ ક્ષેત્રનો રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.’’ ગર્ગાચાર્યની વાત સાંભળી નંદરાય અત્યંત હર્ષ પામ્યા અને પોતાને કામનાઓથી પૂર્ણ માનવા લાગ્યા.



> બળરામ પણ દેવકીના ગર્ભમાં જ પ્રગટ થયા હતા અને ત્યાર બાદ રોહિણીના ગર્ભમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. હકીકતમાં શ્રીકૃષ્ણ અને બલરામ બંને સહોદર હતા અને મૂળ બંને દેવકીના પુત્ર હતા

હવે ભોજનનો સમય થયો હોવાથી યશોદાજી ગર્ગાચાર્ય માટે ખીર બનાવવાનું કહે છે ત્યારે ગર્ગાચાર્ય કહે છે કે ‘‘હું સ્વયંપાકી બ્રાહ્મણ છું. મને કોઈના હાથનું પાણી પણ ચાલે નહિ. મારી રસોઈ હું જાતે જ બનાવીશ.’’ ગર્ગાચાર્ય ખીર તૈયાર કરે છે. ગરમ ખીર થાળીમાં કાઢી ઠંડી થયા પછી તુલસીપત્ર પધરાવ્યું અને આંખ બંધ કરીને નારાયણની સ્તુતિ કરવા માંડ્યા. ‘હે લક્ષ્મીપતિ નારાયણ ખીર આરોગો’.

લાલાના કાને આ શબ્દ આવ્યો. કનૈયો વિચારે છે કે લક્ષ્મીનો પતિ તો હું છું. કોઈ મને બોલાવે એટલે મારે તો જવું જ જોઈએ. લાલો દોડતો આવ્યો અને ખીર ખાવા લાગ્યો. ગર્ગાચાર્યનો નિયમ હતો ભોજન પહેલાં અગિયાર માળા પૂર્ણ કરવાનો. જ્યારે માળા પૂરી થઈ અને આંખ ઉઘાડીને જોયું તો લાલો આરામથી ખીર ખાતો હતો. ગર્ગાચાર્ય બૂમ પાડે છે કે આ છોકરો મારી ખીર અડકીને અડધી ખાઈ ગયો હવે મારાથી ખીર નહિ ખવાય. યશોદાજી લાલાને ધમકાવે છે ત્યારે લાલો કહે છે કે મહારાજે મને બોલાવ્યો એટલે જ હું ખીર ખાવા આવ્યો. યશોદાજી ગર્ગાચાર્યને પૂછે છે કે તમે આને બોલાવેલો? ત્યારે તેમણે કહ્યું કે હું તો મારા ઈષ્ટદેવ નારાયણને બોલાવતો હતો. ત્યારે લાલો માને કહે છે કે, ‘‘મા, એ વૈકુંઠનો નારાયણ હું જ છું.’’ આ સાંભળી માતા યશોદાને લાલાની બાળચેષ્ટા પ્રત્યે ખૂબ જ આશ્ચર્ય થયું અને લાલાને વહાલથી ખોળામાં લઈ લીધા. ભગવાનની આ લીલા જીવનસંસ્કારનું ભાથું પૂરું પાડે છે જો આપણે તેને અપનાવવા તૈયાર હોઈએ તો...

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

(ક્રમશઃ)